કાર્યપાલક ઈજનેર
ડ્રેનેજ વિભાગ
સુરત મહાનગરપાલિકા

**નં.ડીએનજી/આઉટ/૫૧૩૧**
**તા.૧૦/૦૩/૨૦૨૫**

**પ્રતિ,**
......................................
......................................
......................................
......................................
......................................

**વિષયઃ**– રાંદેર સુએઝ પંપીગ સ્ટેશન ખાતે ૭૦ એચ.પી. ના મેઈકના નંગ –૦૨ સોફ્ટ સ્ટાર્ટર રીપેર કરવાનાં કામ બાબત.

**મહાશય,**

આથી જણાવવાનું કે, રાંદેર સુએઝ પંપીગ સ્ટેશન ખાતે ૭૦ એચ.પી. ના મેઈકના નંગ –૦૨ સોફ્ટ સ્ટાર્ટર રીપેર કરવાનાં કામ બાબતે ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

| ક્રમ નં. | કામની વિગત | યુનિટ | સંખ્યા | ભાવ/યુનીટ રૂા.(જીએસટી સિવાય) |
|---|---|---|---|---|
| ૧. | ૭૦ એચ.પી. ABB મેઈક સોફ્ટ સ્ટાર્ટર રીપેર કરવાનું કામ (પંપસેટ નં. ૦૨) | નંગ | ૦૧ | |
| ૨. | ૭૦ એચ.પી. ABB મેઈક સોફ્ટ સ્ટાર્ટર રીપેર કરવાનું કામ (પંપસેટ નં. ૦૫) | નંગ | ૦૧ | |
| | | | કુલ રકમ રૂા. | |

ઉપરોકત કામ તાકીદે કરવાની જરૂરીયાત હોય, સદર કામગીરી કરવાની ઈચ્છા ધરાવતા વેપારીઓ એ સ્થળ વીઝીટ કર્યા બાદ ભાવપત્રક તા. ૧૯/૦૩/૨૦૨૫ સુધીમાં બંધ કવરમાં નીચે જણાવેલ સરનામે પહોચાડવા પ્રબંધ કરશો.

"THE CHIEF ACCOUNTANT
ACCOUNT DEPARTMENT
SURAT MUNICIPAL CORPORATION
MUGLISARA SURAT, 395003"

**શરતોઃ**–

(૧) ઈજારદારે ભાવપત્રકમાં કવર ઉપર કામનું નામ, વેપારીનું નામ, સરનામું વિગેરે અવશ્ય દર્શાવવાનુ રહેશે.

(૨) ઈજારદારે કામગીરી કરવા નિરીક્ષણ કર્યા બાદ જ ભાવ ભરવાના રહેશે.

(૩) ઈજારદારે ઉપરોકત કામગીરી અંગે તમામ ખર્ચ, ટ્રાન્સપોર્ટેશન સહિત એકત્ર ભરવાના રહેશે.

(૪) કોઈપણ ભાવપત્રક મંજુર કરવું કે બધા જ નામંજુર કરવાનો હકક સુરત મહાનગરપાલિકા પાસે અબાધિત રહેશે. જે અંગે કોઈપણ કારણ આપવામાં આવશે નહિ.

(૫) ઉપરોકત ભાવપત્રક મંજુર થયેથી, વર્કઓર્ડરમાં જણાવેલ તારીખથી કામગીરી શરૂ કરી દિન–૨૦ માં પુર્ણ કરવાની રહેશે.

(૬) ઉપરોકત ભાવપત્રક ભાવ ભરી તા. ૧૯/૦૩/૨૦૨૫ સુધી માં ઉપરોકત જણાવેલ સરનામેની કચેરીએ જમાં કરાવવું.

(૭) અસફળ કામગીરી સામે ઈજારો ટર્મીનેટ કરવાનો અધિકાર મહાનગરપાલિકા પાસે અબાધિત રહેશે અને કરવામાં આવેલ કામગીરીનું કોઈપણ પ્રકારનું ચુકવણું કરવામાં આવશે નહિ.

(૮) સદર કામગીરી સંતોષકારક પુર્ણ થયા બાદ જ ચુકવણું કરવામાં આવશે.

(૯) સદર કામગીરી પુર્ણ થયા બાદ પેમેન્ટ બીલ રજુ કર્યે થી બીલ ની રકમનાં ૧૦૦ % ટકા પેમેન્ટ ચુકવવામાં આવશે તથા ગેંરેટી પીરીયડ પૂર્ણ થયા બાદ સીકયોરીટી ડિપોઝીટના નાણાં છુટા કરવામાં આવશે.

(૧૦) સદર કામગીરી જણાવેલ સમયમર્યાદામાં પૂર્ણ ન થતાં પ્રતિદિન મંજુર રકમનાં ૦.૨% પ્રમાણે મહત્તમ ૧૦% સુધી પેનલ્ટી વસુલાત કરવામાં આવશે.

(૧૧) ઈજારદારે સદર કામે સીકયોરીટી ડિપોઝીટ ભરવાની રહેશે તથા આ અંગેનું કરારનામું કરાવવાનું રહેશે.

(૧૨)સોફટ સ્ટાંટરમાં બદલવામાં આવેલ સ્પેરની વિગત તથા તેની ગેંરેટી ૦૬(છ) માસની આપવાની રહેશે.

–સહી–

**કાર્યપાલક ઈજનેર**
**ડ્રેનેજ વિભાગ**
**સુરત મહાનગરપાલિકા**

ડ્રેનેજ વિભાગ, સુરત મહાનગરપાલિકા,
જુની વેસ્ટ ઝોન ઓફિસ, તાડવાડી,
રાંદેર રોડ,
સુરત – ૩૯૫ ૦૦૯

☎(૨૬૧) ૨૭૮ ૦૦૫૭, ૨૭૮ ૦૧૭૧ એક્ષટેન્શન ૨૦૧
(૨૬૧) ૨૪૫ ૧૯૩૫, ૨૪૨ ૨૧૧૦
xen.drg.smc@gmail.com
Visit us at www.suratmunicipal.gov.in